Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

6241

Durgesh V. Buch
President

Natubhai Patel
Sr. Vice President

Bhargav Thakkar
Vice President

Sanjeev Chhajer
Secretary

Dilip M. Padhya
Secretary (R)

Pathik S. Patwari
Treasurer

તા. **09-06-2020**

**પ્રતિ શ્રી,**
**ગુજરાતના તમામ જિલ્લાઓના કલેક્ટરશ્રીઓને,**

**વિષય: ચોમાસા પહેલાની તકેદારીઓ અને પગલાંઓ માટેની પૂર્વ તૈયારીઓ (Pre-Monsoon Planning) અંગે**

માનનીય શ્રી,

આપશ્રી વિદિત છો તેમ દર વર્ષે ચોમાસાના સમય દરમ્યાન પૂર્વ તૈયારીઓ અને વ્યવસ્થાના અભાવે ઘણી જગ્યાએ ચોમાસા દરમ્યાન રોડ- રસ્તાઓમાં ભૂવા પડવા , વૃક્ષો પડવાં તથા વાવેતરને નુકશાન થવા તેમજ કાચા મકાનો વિગેરેને નુકશાનના કિસ્સાઓ જોવા મળે છે, જેના કારણે અવર -જવરમાં મુશ્કેલીઓ પડે છે અને તે ઉપરાંત વેપાર- ઉદ્યોગને પણ તેમના માલસામાનના પરિવહન વિગેરેમાં ખુબ મુશ્કેલીઓ પડે છે. રાજ્યના અર્થતંત્રને આ કારણસર વિપરીત અસર થાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને હાલમાં રાજ્યમાં જયારે ચોમાસુ શરૂ થનાર હોય તેમ જણાય છે ત્યારે આ વર્ષે તાત્કાલિક ધોરણે ચોમાસા પહેલાની તકેદારીઓ અને વ્યવસ્થા**(Pre-Monsoon Plan)** કરવા વિનંતિ છે. આ **Pre-Monsoon Plan** અંતર્ગત નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવા નમ્ર વિનંતિ છે :

1. રાજ્યના બધાજ મુખ્ય રસ્તાઓ અને ખાસ કરીને ભારે માલવાહક વાહનોની અવર-જવર વાળા રસ્તાઓને સમતલ અને મરામત કરાવવી.
2. વૃક્ષોને ટ્રિમિંગ કરાવવાં જેથી વરસાદ દરમ્યાન પડી જવાનો ભય ના રહે.
3. સ્ટોર્મ વોટર લાઈન અને કેચપીટો સાફ કરાવવી.
4. બધા અંડર પાસ વરસાદ દરમ્યાન ચાલુ રહે તે રીતે તેની મરામત કરાવવી.
5. ઇલેક્ટ્રિકલ મેઇન્ટેનન્સ જેવા કે ઓવરહેડ લાઈનો, ટ્રાન્સફોર્મર વિગેરે મેઇન્ટેન કરાવવા જેથી બ્રેકડાઉનની શક્યતાઓ ન રહે.
6. નીચાણવાળા વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાય નહીં તેવી વ્યવસ્થા કરવી તથા જરૂર પડે ત્યાં જરૂરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.

ઉપરોક્ત સૂચનોને ધ્યાનમાં લઈ તાત્કાલિક ધોરણે આપશ્રી દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

6241

તા. **09-06-2020**

**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

**પ્રતિ શ્રી,**
**ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમીશ્નરશ્રીઓને,**

**વિષય: ચોમાસા પહેલાની તકેદારીઓ અને પગલાંઓ માટેની પૂર્વ તૈયારીઓ (Pre-Monsoon Planning) અંગે**

માનનીય શ્રી,

આપશ્રી વિદિત છો તેમ દર વર્ષે ચોમાસાના સમય દરમ્યાન પૂર્વ તૈયારીઓ અને વ્યવસ્થાના અભાવે ઘણી જગ્યાએ ચોમાસા દરમ્યાન રોડ- રસ્તાઓમાં ભૂવા પડવા , વૃક્ષો પડવાં તથા વાવેતરને નુકશાન થવા તેમજ કાચા મકાનો વિગેરેને નુકશાનના કિસ્સાઓ જોવા મળે છે, જેના કારણે અવર -જવરમાં મુશ્કેલીઓ પડે છે અને તે ઉપરાંત વેપાર- ઉદ્યોગને પણ તેમના માલસામાનના પરિવહન વિગેરેમાં ખુબ મુશ્કેલીઓ પડે છે. રાજ્યના અર્થતંત્રને આ કારણસર વિપરીત અસર થાય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને હાલમાં રાજ્યમાં જયારે ચોમાસુ શરૂ થનાર હોય તેમ જણાય છે ત્યારે આ વર્ષે તાત્કાલિક ધોરણે ચોમાસા પહેલાની તકેદારીઓ અને વ્યવસ્થા **(Pre-Monsoon Plan)** કરવા વિનંતિ છે. આ **Pre-Monsoon Plan** અંતર્ગત નીચે મુજબના મુદ્દાઓ ધ્યાને લેવા નમ્ર વિનંતિ છે :

1. રાજ્યના બધાજ મુખ્ય રસ્તાઓ અને ખાસ કરીને ભારે માલવાહક વાહનોની અવર-જવર વાળા રસ્તાઓને સમતલ અને મરામત કરાવવી.
2. વૃક્ષોને ટ્રિમિંગ કરાવવાં જેથી વરસાદ દરમ્યાન પડી જવાનો ભય ના રહે.
3. સ્ટોર્મ વોટર લાઈન અને કેચપીટો સાફ કરાવવી.
4. બધા અંડર પાસ વરસાદ દરમ્યાન ચાલુ રહે તે રીતે તેની મરામત કરાવવી.
5. ઇલેક્ટ્રિકલ મેઇન્ટેનન્સ જેવા કે ઓવરહેડ લાઈનો, ટ્રાન્સફોર્મર વિગેરે મેઇન્ટેન કરાવવા જેથી બ્રેકડાઉનની શક્યતાઓ ન રહે.
6. નીચાણવાળા વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાય નહીં તેવી વ્યવસ્થા કરવી તથા જરૂર પડે ત્યાં જરૂરી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો.

ઉપરોક્ત સૂચનોને ધ્યાનમાં લઈ તાત્કાલિક ધોરણે આપશ્રી દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવે તેવી વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

**દુર્ગેશ બુચ**
**પ્રમુખ**